# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પ

**પરિપત્ર નં ૬૩ તા. ૨૧-૮-૧૫**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે,

વિષય :- ' શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ' બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગનાં તા. ૭-૮-૧૪ નાં ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક
ક્રમાંક : પ્રાશિનિ/શિક્ષક એવોર્ડ/ ૧૫/ ૨૦૦૦-૨૧૧૭

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાએ નામાભિધાન'ની યોજના શરૂ કરવામાં આવેલ છે, તે અંતર્ગત ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ હોય તેવા શિક્ષકો 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' માટે ફાઇલ મૂકી શકશે.

'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' માટે રસ ધરાવતા શિક્ષકોએ પોતાની ફાઇલ ઝોન કક્ષાએ રજૂ કરવાની રહેશે. દરેક ઝોનમાંથી બે શિક્ષકોને પારિતોષિક માટે પસંદ કરવામાં આવશે. ઝોનમાંથી પસંદગી પામેલ શિક્ષકોમાંથી ચાર શિક્ષકોની સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદગી કરવામાં આવશે. ઝોન કક્ષાએ પસંદ પામેલ બે શિક્ષકોને રૂા. ૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર અને સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદ પામેલ ચાર શિક્ષકોને રૂા. ૧૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ઝોન કક્ષાએ ઉમેદવારી નોંધાવી મુખ્ય શિક્ષકશ્રી અને સુપરવાઇઝરશ્રીની ભલામણ સાથે ફાઇલ સુપ્રત કરવાની અંતિમ તા.૨૬-૦૮-૨૦૧૫ રહેશે.

' શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ' માટેની પસંદગીનું માપદંડ નીચે મુજબ રહેશે.

- શિક્ષક કામગીરી દર્પણ — ૨૦ ગુણ
  ( આ સાથે સામેલ પત્રકની વિગતો સાથે વિશિષ્ટ કામગીરી સહિત,
  ફોટોગ્રાફી સહિત ફાઇલ તૈયાર કરવી.)
- શિક્ષણની પધ્ધિતિઓ, પ્રયુક્તિઓ, વિષય વસ્તુ, શિક્ષણનાં વર્તમાન પ્રવાહો,
  સામાન્ય જ્ઞાનની પરીક્ષા — ૫૦ ગુણ
- શાળાની મુલાકાત દ્વારા શિક્ષકની શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન — ૨૦ ગુણ
- રૂબરૂ મુલાકાત — ૧૦ ગુણ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પત્રક**

**પ્રાથમિક શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકે આપવાની થતી વિગતો**

| | | |
|---|---|---|
| ૧ | પૂરું નામ | |
| ૨ | શાળાનું નામ | |
| ૩ | શાળામાં હોદ્દો | |
| ૪ | શાળાનો પ્રકાર ( પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક) | |
| ૫ | જન્મ તારીખ | |
| ૬ | સળંગ નોકરીની તારીખ | |
| ૭ | કુલ અનુભવ | |
| ૮ | શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત | |
| ૯ | અન્ય લાયકાત | |
| ૧૦ | સી.સી.સી. ની પરીક્ષા પાસ કરેલ છે? | |
| ૧૧ | રહેઠાણનું સરનામું | |
| ૧૨ | સંપર્ક નંબર | |
| ૧૩ | ગુણોત્સવમાં તમારો ગ્રેડ | |
| ૧૪ | ગુણોત્સવમાં શાળાનો ગ્રેડ | |
| ૧૫ | તમારા કોઇ શૈક્ષણિક પ્રકાશનો, લેખો છપાયા હોય તેની વિગત | |
| ૧૬ | જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક સેમિનારમાં ભાગ લીધો હોય તો તેની વિગત | |
| ૧૭ | તમો કયા ધોરણમાં કયા વિષયો શીખવો છો? | |
| ૧૮ | તમારો પ્રિય વિષય કયો છે? | |
| ૧૯ | તમોએ શિક્ષણ કાર્યમાં બનાવેલ સ્વનિર્મિત સાધનોની માહિતી આપો | |
| ૨૦ | શાળાનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા તમોએ કરેલી વિશેષ કામગીરી જણાવો. | |
| ૨૧ | તમારી શાળામાં કયા કયા મેગેઝિનો આવે છે? તમોએ વિદ્યાર્થીઓને લાભ આપ્યો છે? કેવી રીતે? | |
| ૨૨ | વિજ્ઞાનમેળામાં ભાગ લીધેલ છે? શહેર કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ, ઇનામ / પ્રમાણપત્રો મળેલ હોય તેની વિગત આપો | |
| ૨૩ | શાળામાં લાઇબ્રેરી માટે આપવામાં આવતા ઇતર વાંચનનાં પુસ્તકોનો ઉપયોગ કરો છો ? | |
| ૨૪ | તમોએ કરેલ ક્રિયાત્મક સંશોધનની માહિતી આપો | |
| ૨૫ | તમોએ તજજ્ઞ, કી-પર્સન તરીકેની કામગીરી નિભાવી હોય તો તેની વિગતો આપો. | |
| ૨૬ | બાળકોને શાળામાં નિયમિત લાવવા કોઇ પ્રયાસ કર્યા હોય તો તેની વિગતો આપો. | |
| ૨૭ | પ્રવેશોત્સવ દરમિયાન તમોએ કરેલ કામગીરીનું સંક્ષિપ્તમાં વર્ણન કરો. | |
| ૨૮ | શાળાનો ગ્રેડ ઊંચો લાવવા ગુણોત્સવ દરમિયાન તમોએ કરેલ કામગીરીની વિગત આપો. | |
| ૨૯ | તમારી શિક્ષણક્ષેત્રે, સમાજક્ષેત્રે કરેલી સેવાઓની વિશેષ નોંધ હોય તો આપો | |
| ૩૦ | નિયમિત વાલી સંપર્ક કરો છો? | |
| ૩૧ | સ્કૂલ બોર્ડની કઇ કઇ પ્રવૃત્તિમાં તમારા વર્ગ / શાળાનાં બાળકોને ભાગ લેવડાવેલ છે? | |
| ૩૨ | શાળાનાં મ.ભોજનની વ્યવસ્થામાં તમારી કામગીરી જણાવો. | |
| ૩૩ | શાળા તમોએ કરાવેલ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની વિગત આપો. | |
| ૩૪ | શાળા માટે લોકસહયોગ પ્રાપ્ત કરવા માટે તમારો પ્રયત્ન જણાવો. | |
| ૩૫ | શ્રેષ્ઠ શિક્ષક તરીકે અગાઉ કોઈ એવોર્ડ મેળવ્યો હોય તો તેની માહિતી આપો | |
| ૩૬ | તમે કોઈ વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ હોય કે કોઈ વિશિષ્ટ કામગીરી કરી હોય તો તેની માહિતી આપો. | |